Paper Code –3911/4011

M.A. Sem – 3 Economics (Old/New Course)
Mar-Jun - 2021
CC-301 : Public Economics-1 (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(1) એડોલ્ફ વેગ્નરે જાહેર ખર્ચ વધારા અંગેનો સિધ્ધાંત કયા દેશનો અભ્યાસ કરીને આપ્યો હતો?
(A) જર્મની (B) જાપાન (C) અમેરિકા (D) ઇંગ્લેંડ
(2) સ્વૈચ્છિક વિનિમયનો સિધ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ આપ્યો છે?
(A) પ્રો.વેગ્નર (B) પ્રો. સેમ્યુલસન (C) પીકોક-વાઇઝમેન (D) યેરિક લિન્ડહોલ
(3) જે વસ્તુઓ કે સેવાઓના લાભથી વ્યક્તિને વંચિત રાખી શકાય તેને કેવી વસ્તુ કહે છે?
(A) જાહેર વસ્તુ (B) ખાનગી વસ્તુ (C) મેરિટ વસ્તુ (D) ઉપરના તમામ
(4) જાહેર અર્થશાસ્ત્રમાં અશક્યતાનું પ્રમેય કોણે આપ્યું હતું?
(A) પ્રો.મસગ્રેવ (B) પ્રો.કેઇનક્રોસ (C) પ્રો.એરો (D) પ્રો.લિયાર્ડ
(5) જાહેર વસ્તુઓ માટેની માંગ સંકલિત યોજના કયા અર્થશાસ્ત્રીએ આપી છે?
(A) પ્રો.મસગ્રેવ (B) પ્રો.કેઇનક્રોસ (C) પ્રો.એરો (D) પ્રો.લિયાર્ડ
(6) જાહેર ખર્ચમાં થતો વધારો તબક્કાવાર હોય છે એવી રજૂઆત કોણે કરી?
(A) પ્રો.વેગ્નર (B) પ્રો. સેમ્યુલસન (C) પીકોક-વાઇઝમેન (D) યેરિક લિન્ડહોલ
(7) સ્થિરતાલક્ષી રાજકોષીય નીતિ કયા અર્થશાસ્ત્રીએ રજૂ કરી હતી?
(A) પ્રો.લર્નર (B) પ્રો.કેઇન્સ (C) પ્રો. બુકાનન (D) પ્રો. મોડીએગ્લાની
(8) પ્રો.કેઇન્સ નું 'જનરલ થિયરી' નામનું પુસ્તક ક્યારે પ્રકાશિત થયું હતું?
(A) 1936 (B) 1949 (C) 1929 (D) 1960
(9) કઇ વસ્તુઓની પસંદગી રાજકીય પ્રક્રિયા દ્વારા મતદાર ગ્રાહકો મારફતે થાય છે?
(A) જાહેર વસ્તુ (B) ખાનગી વસ્તુ (C) મેરિટ વસ્તુ (D) ઉપરના તમામ
(10) સામાજિક વસ્તુઓની વિકેંદ્રિત જોગવાઇ અંગેની રજુઆત કરનાર અર્થશાસ્ત્રી-----
(A) પ્રો.વેગ્નર અને સેમ્યુલસન (B) પ્રો. સેમ્યુલસન – મસગ્રેવ (C) પીકોક-વાઇઝમેન (D) યેરિક લિન્ડહોલ
(11) જાહેર વસ્તુનું ઉત્પાદન કોના દ્વારા થાય છે?
(A) મતદારો (B) ખાનગી વ્યક્તિ (C) સરકાર (D) ઉપરના તમામ
(12) જાહેર વસ્તુના લક્ષણોમાં કોનો સમાવેશ થતો નથી?
(A) બિન પ્રતિસ્પર્ધા (B) બિન વંચિતતા (C) અવિભાજ્યતા (D) હરીફાઇ
(13) 'Public Principles of Public Debt' પુસ્તકના લેખક કોણ છે?
(A) પ્રો.મસગ્રેવ (B) પ્રો.કેઇનક્રોસ (C) પ્રો.એરો (D) પ્રો.લિયાર્ડ
(14) બજારતંત્ર દ્વારા ચોક્કસ કિંમતે ચોક્કસ લોકો માટે ચોક્કસ જરુરિયાતને ધ્યાનમાં રાખીને જે વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે તેને કઇ વસ્તુ કહે છે?
(A) જાહેર વસ્તુ (B) ખાનગી વસ્તુ (C) મેરિટ વસ્તુ (D) ઉપરના તમામ
(15) કલ્યાણ રાજ્યના હેતુઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?
(A) જાહેર વસ્તુઓનું ઉત્પાદન વધારવું (B) સમાજનું મહત્તમ કલ્યાણ (C) લોકોના જીવનધોરણમાં સુધારો કરવો (D) ઉપરના તમામ
(16) કયા બજારમાં સાધનોની ઇષ્ટતમ ફાળવણી બજારતંત્ર દ્વારા થાય છે?
(A) ઇજારો (B) ઇજારાયુક્ત હરીફાઇ (C) પૂર્ણ હરીફાઇ (D) ઉપરના તમામ
(17) ---------અર્થશાસ્ત્ર રાજ્યની કામગીરી અને તેની સાથે સંકળાયેલી બાબતોનો અભ્યાસ કરે છે.
(A) જાહેર (B) ખાનગી (C) જાહેર અને ખાનગી (D) એકપણ નહિ
(18) મધ્યવર્તી મતદારનો સિધ્ધાંત કોણે રજૂ કર્યો હતો?
(A) પ્રો.વેગ્નર (B) પ્રો. સેમ્યુલસન (C) પીકોક-વાઇઝમેન (D) પ્રો.ડંકન બ્લેક
(19) કલ્યાણલક્ષી વસ્તુઓને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?
(A) જાહેર વસ્તુ (B) ખાનગી વસ્તુ (C) ગુણવત્તાયુક્ત વસ્તુ (D) એકપણ નહિ
(20) જાહેર વસ્તુનું સંચાલન ---------દ્વારા થાય છે.
(A) જાહેરક્ષેત્ર (B) ખાનગી ક્ષેત્ર (C) જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર (D) એકપણ નહિ
(21) નીચેનામાંથી કઇ વસ્તુઓ જાહેર વસ્તુઓમાં સમાવેશ પામે છે?
(A) સ્ટ્રીટ લાઇટો (B) હવા પ્રદૂષણના નિયંત્રણના લાભો (C) સંરક્ષણ સેવાઓ (D) ઉપરના તમામ
(22) શિક્ષણ અને આરોગ્ય એ કેવા પ્રકારની વસ્તુઓ ગણાય?
(A) જાહેર વસ્તુ (B) ખાનગી વસ્તુ (C) ગુણવત્તાયુક્ત વસ્તુ (D) એકપણ નહિ
(23) સ્વૈરવિહારી નીતિની હિમાયત કોણે કરી હતી?
(A) શિષ્ટ અર્થશાસ્ત્રીઓએ (B) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ (C) નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ (D) ઉપરના તમામ
(24) ભારતમાં 1987-88 સુધી જાહેર ખર્ચનું વર્ગીકરણ કયા બે પ્રકારે થતું હતું?
(A) યોજનાકીય અને બિનયોજનાકીય (B) મહેસૂલી અને મૂડી ખર્ચ (C) ઉપરના બંને (D) એકપણ નહિ
(25) પ્રો.ડાલ્ટનના મતે કરસંપાત એટલે કરનો ---------
(A) પ્રત્યક્ષ વાસ્તવિક બોજ (B) પરોક્ષ વાસ્તવિક બોજ (C) પ્રત્યક્ષ નાણાંકીય બોજ (D) એકપણ નહિ

(26) પીકોક-વાઇઝમેને જાહેર ખર્ચ વધારા માટે કયા પરિબળો જવાબદાર ગણાવ્યા?
(A) કેન્દ્રીકરણની અસર (B) ડિસ્પ્લેસમેન્ટની અસર (C) નિરીક્ષણની અસર (D) ઉપરના તમામ
(27) જાહેરખર્ચ એ સરકારની કઇ નીતિનો ભાગ છે?
(A) રાજકોષીય નીતિ (B) નાણાંકીય નીતિ (C) વહીવટી નીતિ (D) ઉપરના તમામ
(28) એડમ સ્મિથના મતે આર્થિક વિકાસ માટે જે ખર્ચ થાય છે તેને કયું ખર્ચ કહે છે?
(A) બિન વિકાસલક્ષી (B) વિકાસલક્ષી (C) બિનયોજનકીય (D) એકપણ નહિ
(29) રાજ્યની વધતી પ્રવૃતિના સિધ્ધાંત તરીકે કોનો સિધ્ધાંત ઓળખાય છે?
A) પ્રો.વેગ્નર (B) પ્રો. સેમ્યુલસન (C) પીકોક-વાઇઝમેન (D) પ્રો.ડંકન બ્લેક
(30) એડોલ્ફ વેગ્નરે જર્મનીમાં કયા સમયના ખર્ચના વલણો તપાસી જાહેર ખર્ચનો સિધ્ધાંત આપ્યો?
(A) 1890-1955 (B) 1917-1955 (C) 1835-1917 (D) એકપણ નહિ
(31) કરસંપાતના સિધ્ધાંતોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(A) કેન્દ્રીયકરણનો સિધ્ધાંત (B) વિસ્તરણનો સિધ્ધાંત (C) આધુનિક નો સિધ્ધાંત (D) શુધ્ધ સિધ્ધાંત
(32) શ્રીમતી હિક્સે કરસંપારના કેટલા ખ્યાલો દર્શાવ્યા છે?
(A) ત્રણ (B) ચાર (C) બે (D) પાંચ
(33) જાહેર વિત્ત વ્યવસ્થાના મુખ્ય આધારસ્તંભ -----------
(A) જાહેર આવક (B) જાહેરખર્ચ (C) જાહેર દેવું (D) ઉપરના તમામ
(34) અંદાજપત્રની ખાધ શાના દ્વારા પુરવામાં આવે છે?
(A) જાહેર આવક (B) જાહેરખર્ચ (C) જાહેર દેવું (D) ઉપરના તમામ
(35) જાહેર સત્તા દ્વારા લેવામાં આવતી લોન કે ધિરાણ એટલે -------
(A) જાહેર આવક (B) જાહેરખર્ચ (C) ખાધ પુરવણી (D) જાહેર દેવું
(36) હેતુલક્ષી અર્થવિધાનના પુરસ્કર્તા------------
(A) પ્રો.બુકાનન (B) પ્રો.લર્નર (C) પ્રો.મોડીએગ્લાની (D) ઉપરના તમામ
(37) સરકાર રેલ્વેના વિકાસ માટે જે ઋણ મેળવે તે ---------------ઋણ કહેવાય.
(A) ઉત્પાદકીય (B) તરલ (C) અનુત્પાદકીય (D) ટૂંકાગાળાનું
(38) 'આંતરિક દેવું એ દેવું નથી' આ વિધાન કોનું છે?
(A) પ્રો.બુકાનન (B) પ્રો.લર્નર (C) પ્રો.મોડીએગ્લાની (D) ઉપરના તમામ
(39) જાહેર દેવાની ચુકવણીની પધ્ધતિઓમાં કોનો સમાવેશ થાય છે?
(A) દેવાનું રુપાંતર (B) અસ્વીકાર (C) કેપિટલ લેવી (D) ઉપરના તમામ
(40) ' જાહેર દેવાનો પ્રાથમિક વાસ્તવિક બોજ ભાવિ પેઢી પર આવે છે' આ વિધાન કોનું છે?
(A) પ્રો.બુકાનન (B) પ્રો.લર્નર (C) પ્રો.મોડીએગ્લાની (D) ઉપરના તમામ
(41) વ્યાજની ચુકવણી, સબસીડી વગેરે માટે થતું ખર્ચ એટલે-------
(A) યોજનાકીય ખર્ચ (B) મહેસૂલી ખર્ચ (C) બિન યોજનાકીય ખર્ચ (D) ઉપરના તમામ
(42) જાહેર ખર્ચનો શુધ્ધ સિધ્ધાંત આપનાર અર્થશાસ્ત્રી--------
(A) પ્રો.વેગ્નર (B) પ્રો. સેમ્યુલસન (C) પીકોક-વાઇઝમેન (D) પ્રો.ડંકન બ્લેક
(43) કરદાન શક્તિના પ્રકાર કયા છે?
(A) મહત્તમ કરદાનશક્તિ (B) ઇષ્ટત્તમ કરદાનશક્તિ (C) ન્યૂનતમ કરદાનશક્તિ (D) ઉપરના તમામ
(44) એલન અને પીકોકે જાહેર ખર્ચ વધારા અંગેનો સિધ્ધાંત કયા દેશનો અભ્યાસ કરીને આપ્યો હતો?
(A) જર્મની (B) જાપાન (C) બ્રિટન (D) ઉપરના તમામ
(45) રાજકોષીય નીતિ કોના દ્વારા અમલમાં મુકવામાં આવે છે?
(A) રિઝર્વ બેંક (B) કેંદ્ર સરકાર (C) રાજ્ય સરકાર (D) ઉપરના તમામ
(46) જો જાહેર દેવા દ્વારા મેળવેલી રકમનો ઉપયોગ અમુક સંપત્તિનું કે અસ્ક્યામતોનું સર્જન કરવામાં થતો હોય તો તેને---------- દેવું કહે છે.
(A) બિન ઉત્પાદકીય (B) બિન યોજનાકીય (C) ઉત્પાદકીય (D) ઉપરના તમામ
(47) ભવિષ્યનો વિચાર કરતાં ચાલુ સમયમાં વધુમાં વધુ કર દ્વારા આવક મળે તે-----
(A) મહત્તમ કરદાનક્ષમતા (B) ઇષ્ટત્તમ કરદાનક્ષમતા (C) ન્યૂનતમ કરદાન ક્ષમતા (D) ઉપરના તમામ
(48) જાહેર દેવાના સંચાલન અંગેની નીતિ દેશની કઇ નીતિ સાથે સુસંગત હોય તે રીતે ઘડાવી જોઇએ?
(A) નાણાંકીય નીતિ (B) રાજકોષીય નીતિ (C) વહીવટી નીતિ (D) ઉપરના તમામ
(49) દ્વિતિય શ્રેષ્ઠતાનો સિધ્ધાંત કયા ખ્યાલોના વિકાસમાં લાગુ પડે છે?
(A) સામાન્ય સમતુલા (B) આંશિક સમતુલા (C) ઉપરના બંને (D) એકપણ નહિ
(50) રિચાર્ડ લિપ્સી દ્વારા 1956 માં કયો સિધ્ધાંત રજૂ થયો હતો?
(A) દ્વિતિય શ્રેષ્ઠતા (B) ઇષ્ટત્તમ અવસ્થા (C) ન્યાયતા અને સમાનતા (D) સામાજિક કલ્યાણ